**Divyabhaskar (Suppl.: Citybhaskar)**

EDII

February 11, 2021
Pg.2

# EDII દ્વારા આંત્રપ્રિન્યોરશિપ કરિયર પર વેબિનાર

સિટી રિપોર્ટર, અમદાવાદ | આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈન્ડિયા દ્વારા આંત્રપ્રિન્યોરશિપ કરિયરમાં સ્કોપ એન્ડ પોટેન્શિયલ વિષય પર વેબિનારનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં આંત્રપ્રિન્યોરશિપ એજ્યુકેશનના ઈનચાર્જ પ્રોફેસર સત્ય રંજન આચાર્ય વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપશે. કોરોના બાદ વિદ્યાર્થીઓ સ્વરોજગાર અને આત્મનિર્ભર અભિયાન અંતર્ગત નવાં સ્ટાર્ટઅપમાં જોડાવવાનું વધારે પસંદ કરી રહ્યાં છે. ત્યારે આ ક્ષેત્રમાં આવનાર ઉદ્યોગ સાહસિકોને કરિયર સંબંધિત માર્ગદર્શનના અભાવે ઘણીવાર તેઓને આગળ વધવામાં મુશ્કેલી પડે છે. તેથી તેમને યોગ્ય માર્ગદર્શન મળી રહે તે માટે આ વેબિનારનું આયોજન કરવામાં આવ્યું છે.